ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY — GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૭/૦૮/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
................................, ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.કવીઝ –૨૦૧૬ યોજાઈ.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસ લિમિટેડ (TCS) દ્વારા બેંગલોર ખાતે નેશનલ કક્ષાએ રૂરલ આઈ. ટી. કવીઝનું આયોજન ફકત ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે જ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. કવીઝ–૨૦૧૬ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરવામાં આવેલ છે.

જે અનુસંધાને ભાવનગર જિલ્લામાં જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. કવીઝ ૨૦૧૬નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૧૩ ઓગષ્ટ, ૨૦૧૬ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન ધનવંતરી હોલ, મેડીકલ કોલેજ, એસ.ટી.બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર ખાતે યોજાયેલ.

કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં શ્રી વેદાંતભાઈ પંડયા (ઈનચાર્જ રજીસ્ટાર એમ. કે. બી. યુની.,ભાવનગર), શ્રી એમ. પી. પટેલ (નાયબ પ્રાથમિક શિક્ષણાધીકારી, ભાવનગર) શ્રી સતીષભાઈ ત્રિવેદી (શાશણાધીકારી, નગર પ્રાથમિક શીક્ષણ સમિતિ, ભાવનગર), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર), ડૉ.ભાવેશ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

જિલ્લા કક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. કવીઝ–૨૦૧૬ કાર્યક્રમમાં વિરાજ શાહ, કાર્તીક શાહ (એમ. જે. સી. કે. આર. હાઈસ્કુલ, સોનગઢ), પારેખ હેત, મોટા વરુણ (આર. યુ. આર. ઈંગલીશ હાઈસ્કુલ, સોનગઢ), ગૌસ્વામી મંથન, સુરાણી વનદીપ (બેલુર વિદ્યાલય, મહુવા), પારસ ગઠણી, વીરાજ બેલાણી (એમ. યુ. એલ. એંકરવાલા સ્કુલ, સોનગઢ), ડેઠીયા રોનીત, ખસીયા નિર્સગ (એમ. વી. ડી. પી. ઈંગલીશ હાઈસ્કુલ, સોનગઢ), કોઠારી નેવીલ, લોડાયા જય (કે. કે. જે. પી. હાઈસ્કુલ , સોનગઢ), ત્રિવેદી પાર્શવી, સુતરીયા કેનાલી (આદર્શ વિદ્યાલય, માનવડ), વાળા કેતન, વાળા નીતીન (બેલુર વિદ્યાલય, મહુવા), ઘેવરીયા સારીકા, ઠાકોર ક્રિષ્ના (એમ. જે. પટેલ હાઈસ્કુલ, પરવડી), દવે કશ્યપ, ડંડોટીયા ઈશ્વરપ્રસાદ (વાલમ માધ્યમિક શાળા, ગારીયાધાર) વિજેતા થયેલ.

ઉપરોકત વિજેતા થયેલ દસ ટીમો રાજય કક્ષાએ યોજાનાર રૂરલ આઈ.ટી. કવીઝમાં ભાવનગર જીલ્લાનું પ્રતિનીધિત્વ કરશે. વિગેરે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.